Azadi Ka Amrit Mahotsav

અગત્યનું

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૯૨૧૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૧/૦૬/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી તાત્કાલીક જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

LARSEN & TOUBRO
Public Charitable Trust

AGASTYA
INTERNATIONAL FOUNDATION
SUPPORTED BY R. JHUNJHUNWALA FOUNDATION & OTHERS

તા.- 16/03/2023

પ્રતિશ્રી,

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,

જીલ્લા સેવા સદન – ૨

અઠવાલાઇન્સ, સુરત

વિષય :- એલ એન્ડ ટી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ ના સહ્યોગ અને અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ચાલતી "સાયન્સ ઓન વ્હિલ્સ" ને મંજુરી અને રિન્યુ કરી આપવા બાબત.

2023-24

જય ભારત સાથે જણાવતા આનંદ થાય છે કે એલ એન્ડ ટી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ ના સહ્યોગ અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સુરત જીલ્લા માં એક સાયન્સ ઓન વ્હીલ્સ છેલ્લા 10 વર્ષથી વિના મુલ્યે સુરત જીલ્લા ની શાળામાં ધોરણ 6 થી10 ના બાળકો ને લાભ આપી રહ્યા છીએ આપ ના સહકાર થી આ કર્યક્રમ એક અલગ મુકામે પહોંચી શકયો છે જેની આપને જાણ છે.

ઉપરોક્ત અનુસંધાને આપશ્રીને વિનંતિ કરવામાં આવે છે કે સુરત જીલ્લાની માધ્યમિક શાળામાં એલ એન્ડ ટી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ ના સહયોગ અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ના આયોજન થી ધો. 9 અને 10 ના બાળકોમાં વિજ્ઞાન વિષયમાં રસ કેળવાય તથા તેમની જીજ્ઞાસા વૃત્તિમાં વધારો થાય તે માટે નિયમિતપણે વર્ષ 2023-'24 માં  કાર્ય કરવાની પરવાનગી આપવામાં આવે.

જે નિમિત્તે આપ સાહેબશ્રી ને નમ્રવિનંતી છે કે આકાર્યક્રમ હેઠળ પસંદગી પામેલી શાળા માંથી સાથ સહકાર મળી રહે તેવી આપ સાહેબ શ્રી ને નમ્રવિનંતી.

બીડાણ: સુરત જીલ્લા ની પસંદ પામેલી શાળાઓનું લીસ્ટ

આપનો આજ્ઞાકિંત

મનોજ પટેલ

એરિયા મેનેજર

અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન

મોબાઈલ નં. 99742 29742

| Final Schools of Olpad (MSL-1) | | |
|---|---|---|
| Sl. No. | Name of the school | Location |
| 1 | Sarvodaya Vidhyalaya - Primary | Segwa |
| 2 | Sarvodaya Vidhyalaya - Secondary | Segwa |
| 3 | MRC High School - Primary | Dihen |
| 4 | MRC High School - Secondary | Dihen |
| 5 | ZMP High School - Primary | Lavachha |
| 6 | Lavachha High School - Secondary | Lavachha |
| 7 | Mor High School - Primary | Mor |
| 8 | Mor High School - Secondary | Mor |
| 9 | Karanj High School - Primary | Karanj |
| 10 | Karanj High School - Secondary | Karanj |
| 11 | Takarama High School - Primary | Takarama |
| 12 | Bhadol High School - Secondary | Bhadol |
| 13 | Bhadol High School - Primary (24) | Bhadol |

| Final List of School - Choryasi (MSL-2) | | |
|---|---|---|
| Sl. No. | Name of the School | Location |
| 1 | D K Bhatarkar School - Primary | Bhatar |
| 2 | D K Bhatarkar School - Secondary | Bhatar |
| 3 | Mayur Dhwaj Vidhyalaya (Primary) | Mora |
| 4 | Navchetan Vidhyalaya - Secondary | Junagam |
| 5 | Saniya Kande High School - Primary | Saniya |
| 6 | Saniya Kande High School - Secondary | Saniya |
| 7 | Lok Bharti High School - Primary | Parle Point |
| 8 | Lok Bharti High School - Secondary | Parle Point |
| 9 | Abhwa High School - Primary | Abhwa |
| 10 | Abhwa High School - Secondary | Abhwa |
| 11 | C K Pithawala School - Primary | Bhimpore |
| 12 | C K Pithawala School - Secondary | Bhimpore |
| 13 | Sardar Patel Vidhyalaya - Primary | Adajan Gam |
| 14 | Sardar Patel Vidhyalaya - Secondary | Adajan Gam |
| 15 | Sanivani High School, Damka - Primary | Damka |
| 16 | Sanivani High School, Damka - Secondary | Damka |
| 17 | Sharda Vidhyalaya, Ichhapor - Primary | Ichhapor |
| 18 | Sharda Vidhyalaya, Ichhapor - Secondary | Ichhapor |
| 19 | Mayur Dhwaj Vidhyalaya - Secondary | Mora |

Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. 7/૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
ઓલપાડ અને ચોર્યાસી તાલુકાની યાદી મુજબની શાળાઓ
જિ-સુરત.

વિષય :-એલ.એન્ડ ટી.સંચાલિત " સાયન્સ ઓન વ્હીલ્સ " પ્રોજેક્ટ બાબત

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, એલ.એન્ડ ટી.પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્રારા અગસ્ત્યા ફાઉન્ડેશનનાં સહકારથી સુરત જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે " સાયન્સ ઓન વ્હીલ્સ " મોબાઈલ વાન પ્રોજેક્ટ કાર્યરત છે, શૈક્ષણિક વર્ષ :-૨૦૨૨-૨૩ મા ઉપરોકત પ્રોગ્રામ હેઠળ ૧૭ શાળાઓને આવરી લેવાનું આયોજન કરેલ છે, જેમાં આપની શાળા પણ સમાવિષ્ટ છે. શાળાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયમા રસ કેળવાય તથા તેમની જીજ્ઞાસા વૃત્તિમાં વધારો થાય એ હેતુથી વિજ્ઞાનના પ્રયોગો તથાં પ્રવૃત્તિઓનું સર્જનાત્મક અને પ્રવૃત્તિમય આયોજન, ઉપરોક્ત વાનમાં કરેલ છે. સદર પ્રવૃત્તિ દ્રારા વિદ્યાર્થીઓના જ્ઞાન અને રુચિમા નોંધપાત્ર વધારો થશે તેમજ વિદ્યાર્થીઓને લાભદાયી નીવડશે.

આથી આપની શાળામાં પ્રસ્તુત પ્રોગ્રામનો લાભ લઇને સંલગ્ન ટીમને સંપૂર્ણ સહકાર આપશો.

બિડાણ :-શાળાઓની યાદી (૧૭ શાળાઓ)

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

આઝાદી કા અમૃત મહોત્સવ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, સુરત જિલ્લા પંચાયત,
દરિયા મહેલ, મુગલીસરા, સુરત. પીન કોડ નંબર-૩૯૫૦૦૩
ફોન નં-૦૨૬૧-૨૪૨૫૭૫૧-૫૫
ઈ-મેઈલ-dpeosurat1@gmail.com

નં.જિ.પં./શિક્ષણ/મકમ-૭/સાયન્સ ઓન વ્હીલ/૨૨/14370-72 તા. ૦૫/૦૭/૨૦૨૨

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,
અગસ્ત ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,
ગુજરાત.
Email:- manojp@agastya.org

વિષય:- શાળાઓમાં વિજ્ઞાન વિષયમાં પ્રવૃત્તિ કરાવવાની મંજુરી બાબત.
સંદર્ભ:- આપનો તા.૨૦/૦૬/૨૦૨૨નાં પત્રો

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં નિયમિતપણે સને ૨૦૨૨-૨૩નાં વર્ષમાં ધોરણ ૬ થી ૮ નાં બાળકોમાં વિજ્ઞાન વિષયમાં રસ કેળવાય તથા જીજ્ઞાસા વૃતિમાં વધારો થાય તે માટે આપના દ્વારા પસંદગી પામેલ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરતની શાળાઓ માટે સામેલ શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

**શરતો :-**

૧. શાળાનાં મકાન ફર્નીચર દફતર, સ્ટેશનરી વગેરેને નુકશાન થશે તો તે અંગેની જવાબદારી તમારી રહેશે.

૨. શાળા સમય દરમિયાન શાળાના કાર્યમાં કે, સંચાલનમાં કોઈ પણ વિક્ષેપ ન પડે તે ધ્યાનમાં રાખવાનું રહેશે.

૩. આકસ્મિક સંજોગો ઉભા થાય ત્યારે શિક્ષણ સમિતિ તરફથી આપવામાં આવેલ મંજુરી રદ કરવામાં આવશે.

૪. કાર્યક્રમ કરવા પહેલા જે તે શાળાનાં મુખ્ય શિક્ષકને જાણ કરવાની રહેશે અને શાળાને અનુકુળ સમયે કાર્યક્રમ કરવાનો રહેશે.

૫. તમામ પ્રવૃત્તિ તમારા ખર્ચે કરવાની રહેશે.

૬. તમારા દ્વારા કરવામાં આવતી પ્રવૃતિનો ત્રિમાસિક રીપોર્ટ કચેરીને રજુ કરવાનો રહશે.

૭. શાળા તથા શાળાના બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવાની રહેશે નહી. અને વિના મુલ્યે પ્રવૃત્તિ કરાવવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત સુરત.

નકલ રવાના :- (૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ઓલપાડ/ ચોર્યાસી, તાલુકા પંચાયત કચેરી ઓલપાડ/ ચોર્યાસી, જિ.સુરત પરિશિષ્ટ મુજબની શાળાને જાણ કરવા સારું.